ગત રાત્રે વરસાદથી પાણીની આવક વધી, ભરચોમાસે ખેડૂતોની ચિંતા યથાવત

સુજલામ સુફલામમાં સિંચાઈનું પાણી પુરુ પાડતા કડાણા ડેમમાં ૨૩ હજાર મિલીયન ઘનફૂટ પાણીની ઘટ

ગત વર્ષે જળ સપાટી ૪૧૬ ફૂટ, આ વર્ષે માત્ર ૩૯૦ ફૂટ

બાયડ, તા.૨૨

સાબરકાંઠા, અરવલ્લી જિલ્લા સહિત ઉત્તર ગુજરાતના ખેડૂતોની જીવાદોરી ગણાતી સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલમાં સાબરકાંઠા, અરવલ્લી, ગાંધીનગર, મહેસાણા અને બનાસકાંઠાની સૂકીભઠ્ઠ જમીનને તેના કારણે પિયતનું ૬ થી ૮ મહિના સુધી પાણી મળી રહે છે. આ વર્ષે મધ્ય ગુજરાત અને દક્ષિણ ગુજરાતમાં અનરાધાર વરસાદ છતાં પણ કડાણા ડેમમાં ધારણા કરતાં પાણીની ઓછી આવક નોંધાઈ છે. ડેમ સાઈટના સૂત્રોનું માનીએ તો તા.૨૧ ઑગષ્ટના રોજ સવાર સુધીમાં કડાણા ડેમની જળસપાટી ૩૯૦ ફૂટ ૪ ઈંચ છે જે ગત વર્ષે ૪૧૬ ફૂટ અને ૫ ઈંચ રહી હતી. અત્યારે કડાણા ડેમમાં

સિંચાઈનું પાણી પુરુ પાડતા કડાણા ડેમમાં તા.૨૧ જુલાઈની સ્થિતિએ ગત વર્ષની સરખામણીએ ૨૨,૭૮૦ મિલીયન ઘનફૂટ પાણીની ઘટના કારણે ચિંતા વધી છે. પાછલા ૨૪ કલાક દરમ્યાન ઉપરવાસ અને મધ્યપ્રદેશમાં વરસેલા વરસાદથી પ્રતિકલાક ૨૦,૯૦૫ ક્યુસેક પાણીની આવક નોંધાઈ છે

પરંતુ ગત વર્ષ કરતાં પાણીની જળસપાટી ૨૬ ફૂટ ઓછી હોવાના કારણે ખેડૂતોની ચિંતામાં વધારો થયો છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર કડાણા ડેમ ભલે મધ્ય ગુજરાતમાં આવેલો હોય પરંતુ ૧૮,૪૯૭ મિલીયન ઘનફૂટ પાણીનો સંગ્રહ થયેલો છે અને હવે વરસાદ હાથતાળી આપે તો ઉત્તર ગુજરાતની ૪૦ હજાર હેક્ટર જમીનને સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલ મારફતે સિંચાઈનો લાભ મળવાની સંભાવના નહીંવત હોવાનું જણાઈ રહ્યું છે. પરંતુ સામાન્ય રાહતરૂપ સમાચાર એ છે કે ગત રાત્રિથી વરસી રહેલા વરસાદના કારણે કડાણા ડેમમાં ૨૨ દિવસ પછી ફરીથી પાણીની આવક નોંધાઈ છે. પરંતુ ગત વર્ષની સરખામણીએ કડાણા ડેમ ૨૬ ફૂટ પાણીની ઘટ ધરાવે છે તે જોતાં અત્યારથી જ ઉત્તર ગુજરાતના ખેડૂતો માટે સિંચાઈના પાણીનું જોખમ જડૂબવા લાગ્યું છે.

સારું ચોમાસુ છતાં પાણીની ઘટમાં વધારો

કડાણા જળાશયમાં સારા ચોમાસા છતાં પાણીની નોંધપાત્ર ઘટના કારણે ચિંતા સર્જાઈ છે. ડેમ સાઈટના સૂત્રોનું માનીએ તો ગત વર્ષે કડાણા ડેમમાં ૩૯,૨૪૩ મિલીયન ઘટ ફૂટ પાણી સંગ્રહ થયું હતું. આ વર્ષે માત્ર ૧૮,૪૯૭ મિલીયન ઘન ફૂટ પાણીનો સંગ્રહણ થતાં ૨૨,૭૮૦ મિલીયન ઘટ ફૂટ પાણીની ઘટના કારણે અનેક જિલ્લાઓના ખેડૂતો શિયાળુ-ઉનાળુ પાક માટે સિંચાઈના લાભથી વંચિત રહી જવાની દહેશત સેવાય છે.

કડાણા ડેમથી જિલ્લાની ૨૦ હજાર હેક્ટર જમીનને સિંચાઈનો લાભ

કડાણા ડેમ મારફતે સુજલામ સુફલામ સ્પ્રેડીંગ કેનાલમાં પાણી છોડવામાં આવે છે જેના કારણે દર વર્ષે સાબરકાંઠા, અરવલ્લી જિલ્લાની ૨૦ હજાર હેક્ટર જમીનને સિંચાઈનો લાભ મળે છે. સ્પ્રેડીંગ કેનાલ હોવાના કારણે કેનાલના કમાન્ડ વિસ્તારમાં આવતા બોર-કૂવા રીચાર્જ થવાની સાથે પાણીનાં તળ ઉંચાં આવી રહ્યાં છે.

સાબરકાંઠા જિલ્લામાં મારી માટી મારો દેશ અંતર્ગત ૩૮,૦૦૦ વૃક્ષોનું વાવેતર

૫૩૦ અમૃતવાટિકાઓમાં શીલાફલકનો નિર્માણ કરાયું

બાયડ તા.૨૨

સાબરકાંઠા જિલ્લામાં "મારી માટી મારો દેશ" અભિયાન અંતર્ગત ગ્રામ્ય વિસ્તારથી લઈ નગરપાલિકા વિસ્તાર સુધી કાર્યક્રમ યોજાયા હતા. "મેરી માટી મેરા દેશ" અભિયાન અંતર્ગત સાબરકાંઠા જિલ્લાની ૫૧૬ ગ્રામ પંચાયતો આઠ તાલુકા પંચાયતો તેમજ ૬ નગરપાલિકા ખાતે કાર્યક્રમ યોજાયા હતા. જે અંતર્ગત સાબરકાંઠા જિલ્લામાં ૫૩૦ અમૃતવાટિકાઓનું નિર્માણ કરવામાં આવ્યું છે અને આ અમૃતવાટિકાઓમાં શીલાફલકમનું નિર્માણ કરી શહિદ વીરોને વંદન કરાયા. ગ્રામ પંચાયત ખાતે નિર્માણ પામેલ અમૃતવાટિકાઓમાં ૭૫ કે તેથી વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું અને આ વૃક્ષોને મનરેગા હેઠળ ઉછેરવામાં આવશે. સમગ્ર જિલ્લામાં ૩૮,૫૦૦ વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું છે.

આ કાર્યક્રમ માં દરેક ગામની અમૃતવાટિકાની માટી એકઠી કરી તાલુકાકક્ષાએ લાવી એક કળશ માટે એકઠી કરવામાં આવશે એમ આઠ તાલુકાઓ માંથી આઠ કળશ અને છ નગરપાલિકાઓના માટીના કળશ મહાનગરપાલિકાઓ ખાતે જશે. આ માટીના કળશ દિલ્હીના રાજપથ ખાતે મોકલવામાં આવશે.

જમીન વિકાસ બેંક નજીક રોગચાળો ફેલાવવાની દહેશતને લઈ આરોગ્ય વિભાગએ નોટીસ પાઠવી

ખેડબ્રહ્મા, તા. ૨૨

ખેડબ્રહ્મા નગરપાલિકાની લેખિતમાં નોટિસ સત્વરે ગટરની લાઈન રીપેરીંગ કરવા બાબત શહેરના હાર્દ સમા વિસ્તાર એટલે કે સુભાષપોળ પાસે થી જમીન વિકાસ બેંક સુધી છેલ્લા છ માસથી ગટરની ગંદકી ઉભરાતા નગરપાલિકા દ્વારા સાફ-સફાઈ અને આ ઉભરાતી ગટર બંધ ન કરાતા આરોગ્ય વિભાગ દ્વારા સત્વરે આ ઉપરાતી ગટરનું પાણી બંધ કરવા અને ગંદકી દૂર કરવા બાબતે લેખિતમાં નોટિસ અપાઈ બ્લોક હેલ્થ ઓફિસર દ્વારા નગરપાલિકાને.

સુર્યા ફાઉન્ડેશન દ્વારા વૃક્ષોના છોડનો વિતરણ કાર્યક્રમ યોજાયો

ભિલોડા,તા.૨૨

સૂર્યા ફાઉન્ડેશન દ્વારા આયોજીત વૃક્ષારોપણ મહા અભિયાન અંતર્ગત વન વિભાગ શામળાજી શાખા (વન વિભાગ ગુજરાત) ના સહયોગ થી ભિલોડા તાલુકા ના કુશ્કી, શામળપુર, ભવાનપુર, ખેરંચા, ધુળેટા ગામોમાં સંકલ્પ પત્ર સાથે વૃક્ષો ના છોડ નું વિતરણ કરવામાં આવ્યું હતું.સૂર્યા ફાઉન્ડેશન, ગુજરાત, પ્રમુખ મહીપતભાઈ એ જણાવ્યું હતું કે, સૂર્યા ફાઉન્ડેશન દ્વારા ભારત દેશ ના ૧૮ રાજ્યોમાં આ મહા અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. જેમાં ગામના સેવાભાવી, યુવાઓ, સૂર્યા ફાઉન્ડેશન ના કાર્યકર્તાઓ દ્વારા આ ભગીરથ કાર્ય થઈ રહ્યું છે.કાર્યક્રમમાં ભિલોડા વન વિભાગના RFO આર.આર. ડામોર, સૂર્યા ફાઉન્ડેશન ના અધિકારી જયદીપ ઠાકોર તેમજ સૂર્યા ફાઉન્ડેશન ના કાર્યકર્તાઓ, ગામના યુવાઓ, વડીલો, માતાઓ બહેનો અને બાળકો ઉપસ્થિત રહ્યા હતા. જેમાં બધા લોકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

ખેડબ્રહ્મા શહેરમાં ઠેર ઠેર દેશી દારૂની રેલમછેલ બંધ કરાવા મહીલાઓ પહોંચી પોલીસ સ્ટેશન કર્યો હલ્લાબોલ

ખેડબ્રહ્મા, તા. ૨૨

પોલીસ સ્ટેશનથી માત્ર૧૫૦થી ૨૦૦ મીટર નજીકમાં વેચાતા દારૂના અડ્ડા બંધ કરવા બાબતે ભાટવાસમાંથી મહીલાઓ રણચંડી સ્વરૂપે બહાર નીકળી પોલીસ સ્ટેશનને પહોંચી હતી નજીકના વિસ્તારમાં દારૂ વેચાતો હોય તે બંધ કરાવવા બાબતે મોટી સંખ્યામાં મહિલાઓ બાળકો અને દીકરીઓ પોલીસ સ્ટેશન પહોંચી હતી પી એસ ઓ ને લેખિત જાણ કરી હતી. ખેડબ્રમાં મહિલા પોલીસ સ્ટેશન પાસે આવેલું ભાટવાસ વિસ્તારની મહિલા રેલી કાઢીને દારૂ બંધ કરાવો તે મુજબ રેલી કાઢીને પોલીસ સ્ટેશન અરજી આપવામાં આવી વધુમાં મહિલાઓ જણાવ્યું કે જાહેર માર્ગ ઉપર દારૂડિયા લથડીયા મારતા હોય છે અને બીબસ વર્તન અને ચેનચાળા કરતા હોય છે મહિલાઓની બજારમાં નીકળવું ભારે પડી ગયું છે તેમજ દારૂના લત નાના બાળકો ઉપર પણ અસર પડે છે મહિલાઓ વિધવા બને છે બાળક અનાથ બને છે તે બાબતે ભાટવાસની વિસ્તાર મહિલાઓ પોલીસ સ્ટેશને હલ્લો મચાવી ને અરજી આપી હતી વધુમાં મહિલાઓ જણાવ્યું કે બસ સ્ટેન્ડ વિસ્તાર રાવળવાસ નદી કિનારે ઠાકોરવાસ પાસે ચાડા તેમજ હરણાવ નદી કિનારે મોટા પુલ નીચે સરકારી અનાજના ગોડાઉન પાસે મોટી સંખ્યામાં દારૂનું વેચાણ થઈ રહ્યું છે તેવુ મહીલાઓ એ જણાવ્યું અગાઉ ત્રણ દિવસ પહેલા રૂબરૂ લેખિત રજૂઆત કરી હતી તો આ દરરોજે મોટી સંખ્યાઓ મહિલાઓ પોલીસ સ્ટેશન પહોંચી હતી.

લાયન્સ કલબ ઓફ થરાદ સીટી દ્વારા ડાયાબીટીસ તેમજ બીપીનું ફ્રી ચેકઅપ...

પાલનપુર તા.૨૨

લાયન્સ કલબ ઓફ થરાદ સીટી દ્વારા હંમેશા સેવાકીય પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. ત્યારે ગતરોજ થરાદ સૂંઘલ માતાજીના મંદિરે ફ્રી ડાયાબીટીસ તેમજ બીપી ચેકઅપ નો કાર્યક્રમ રાખવામાં આવ્યો

હતો.આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના સંવાદદાતા હરેશ જી. જોષી પાલનપુર નો અહેવાલ જણાવે છે કે, જેમાં ૧૦૦ થી વધુ લોકોએ તેનો લાભ લીધો હતો. આ કાર્યક્રમમાં લાયન્સ કલબ ઓફ થરાદ સિટીના પ્રમુખ પ્રવિણસિંહ ચૌહાણ, ઉપ પ્રમુખ કીર્તિભાઈ આચાર્ય, મંત્રી ગુમાનપુરી ગૌસ્વામી, વસીમખાન પઠાણ , વિપુલભાઈ ચૌધરી, રમેશભાઈ રાવલ, હેતલબેન પંચાલ, દિનેશભાઈ સુથાર સહિત અન્ય મેમ્બરો પણ ઉપસ્થિત રહ્યા હતા તેમજ ડૉક્ટર ટિમ માંથી ડૉ.પ્રવિણસિંહ ચૌહાણ(માધુ હોસ્પિટલ) ડૉ. અભયસિંહ ચૌહાણ(માધવ હોસ્પિટલ), વસીમખાન પઠાણ (લેબ.ટેક.) , રાજુભાઈ હળશિયા (લેબ.ટેક.) સહિતની ટીમ સેવાકીય કાર્યમાં ઉપસ્થિત રહી લોકોને ઉપયોગી બન્યા હતા.

પ્રાંતિજ કોલેજ ખાતે સાહિત્ય સપ્તાહ કાર્યક્રમ યોજાયો

પ્રાંતિજ તા.૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના કમાલપુર ખાતે આવેલ શ્રીમતી એમ.સી.દેસાઈ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે સાહિત્ય સપ્તાહ કાર્યક્રમ યોજાયો. પ્રાંતિજની શ્રીમતી એમ. સી. દેસાઈ આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં કોલેજની સુવર્ણ જયંતી મહોત્સવ અને G-20 નિમિત્તે 'સાહિત્ય સપ્તાહ'માં 'લોકસાહિત્ય' વિષય પર પ્રાંતિજ કોલેજના નિવૃત્ત અધ્યાપક પ્રા. પ્રાગજીભાઈનું વ્યાખ્યાન યોજાયું હતું તેઓની સાથે પ્રાંતિજ ગામના સાહિત્ય રસિક મિત્રો પણ ઉપસ્થિત રહ્યા હતા પ્રાગજીભાઈનું વ્યાખ્યાન અદભૂત રહ્યું હતું સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્ય ડૉ. કે.આર.પ્રસાદના માર્ગદર્શન હેઠળ ગુજરાતી વિભાગના અધ્યાપક ડૉ. સતીષ પટેલ અને પ્રા.રાજેન્દ્ર પંચાલએ કર્યું હતું કાર્યક્રમની આભારવિધિ સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. કાન્તિભાઈ પ્રજાપતિએ કર્યું હતું જેમા મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

સાબરકાંઠા જિલ્લા આચાર્ય ભરતી કેમ્પ માં અંબાનું ધામ એવા ખેડબ્રહ્મા તાલુકાની આરડેકતા ઈન્સ્ટિટયૂટ મેત્રાલમુકામે યોજાયો

ખેડબ્રહ્મા, તા. ૨૨

તારીખ ૩૧ જુલાઈ થી શરૂ થયેલ કેમ્પ ૨૦ ઓગસ્ટ ના રોજ સંપન્ન થયો.. જિલ્લાની કુલ ૯૫ સ્કૂલોમાં આચાર્યોની ખૂબ શાંતિપૂર્ણ માહોલમાં વિના વિઘ્ને નિયુક્તિ કરવામાં આવી. આજનો સમાપન સમારંભ આરડીકતા ઈન્સ્ટિટયૂટ કે

જેમાં ૨૫ જેટલી અનેકવિધ કોલેજો ચાલે છે તેના વડા શ્રી આર ડી પટેલ સાહેબ ની અધ્યક્ષતામાં યોજાયો. આ પ્રસંગે ડી ઈ ઓ ગઢવી મેડમે આર ડી પટેલ સાહેબ નું અભિવાદન કરેલ અને સરસ મજાની વ્યવસ્થા આપવા બદલ પ્રશસ્તિપત્ર સોલ્વ અને મોમેન્ટ દ્વારા ધન્યવાદ પાઠવ્યા હતા. આ પ્રસંગે એજ્યુકેશન ઈન્સ્પેક્ટર શ્રી તરુણાબેન પટેલ, ચૌધરી સાહેબ તથા સંદીપભાઈ સાહેબ તથા ઓફિસ સુપ્રીટેન્ડેન્ટ કાગ સાહેબ ઉપસ્થિત રહ્યા હતા. સાબરકાંઠા જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખશ્રી કિરણભાઈ પટેલે સ્વાગત અભિવાદન કરેલ રાજ્ય આચાર્ય સંઘના પ્રવક્તા શ્રી ભાનુભાઈ પટેલે આચાર્ય ભરતી કેમ્પનું સફળ સંચાલન અને સુકાન સંભાળવા બદલ ડી ઈ ઓ મેડમનો આભાર માન્યો હતો.... સમગ્ર ભરતી કેમ્પ દરમિયાન પોતાની અમૂલ્ય સેવા આપનાર પાંચ ઉપપ્રમુખશ્રીઓ જેમાં ગજેન્દ્રભાઈ પટેલ સુનિલભાઈ પટેલ મોગજીભાઈ પટેલ ગુણવંતસિંહ ચંપાવત જીતેન્દ્રસિંહ કુંપાવત અને મહામંત્રીશ્રી ભરતભાઈ પટેલને બિરદાવવામાં આવ્યા આ ઉપરાંત અધ્યક્ષશ્રી હરેશ પટેલ, સંચાલક મંડળના પ્રમુખશ્રી આર.ડી દાદા, માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ અને બોર્ડ સભ્ય એચડી પટેલ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ શ્રી અજીતભાઈ પટેલ, વહીવટી સંઘના પ્રમુખ પ્રવિણસિંહ રાણાના યોગદાનની નોંધ લેવામાં આવેલ.. આ ઉપરાંત સ્ટેજ ઉપર બિરાજમાન હોદ્દેદારોનું પુષ્પગુચ્છ અને મોમેન્ટો રાજ્ય હોદ્દેદાર સનત નાયક, પ્રમુખશ્રીના મંત્રીશ્રી નિશ્ચલ મોદી, કાર્યાલય મંત્રી પરમાનંદ પટેલ, સારસ્વત મંત્રી રાજેન્દ્રસિંહ રહેવર, મંત્રી શ્રી પંકજ પટેલ, હિંમતનગર તાલુકા પ્રમુખ એસ એસ પટેલ, ઈડર તાલુકા પ્રમુખ મનીષ પાઠક, તલોદ તાલુકા પ્રમુખ ભગવાનદાસ વડાલી તાલુકા પ્રમુખ વી કે પટેલ, સી.એચ. રાઠોડ મુખ્ય હતા.આભાર દર્શન અત્યારે સંઘના વિચક્ષણ બુદ્ધિમત્તા ધરાવતા પૂર્વ પ્રમુખશ્રી મહેન્દ્રભાઈ પટેલે કરેલ.. સમારંભનું સફળ સંચાલન ખેડબ્રહ્મા તાલુકા આચાર્ય સંઘ પ્રમુખ અને જ્યોતિ હાઈસ્કૂલના આચાર્યશ્રી સુરેશકુમાર એસ પટેલે ભાવસભર શૈલીમાં કરેલ. કાર્યક્રમને અંતે સૌ મનગમતું ભાવ ભોજન લઈને વિદાય થયા હતા.

તલોદ નગર પાલિકાના છેલ્લા એક વર્ષ ઉપરાંતથી સ્ટ્રીટ લાઇટનું બિલ ન ભરવાને કારણે તલોદ જી ઇ બી સતાવાળા દ્વારા સ્ટ્રીટ લાઈટ ના વીજ કનેકશન કાપી નાખતા પ્રજા એઅંધારામાં રહેવાનો વારો આવ્યો છે આ અંગે મળતી માહિતી પ્રમાણે તલોદ નગરપાલિકા ના સ્ટ્રીટ લાઇટ અને પાણી પુરવઠા માટે વપરાતા વીજ કનેકશન ના બીલ ની છેલ્લા એક વર્ષ ઉપરાંતથી ૪૫ લાખ પંચાવન હજાર રૂપિયા જેટલી માતબર રકમ બાકી નીકળતી હતી જે સંદર્ભે જીઈબી સતાવાળા દ્વારા તલોદ નગરપાલિકાને વારંવાર ઉઘરાણી કરવા છતાં નગરપાલિકાના પેટનું પાણી હાલતું ન હતું જેથી યુજીવીસીએલ દ્વારા તલોદ નગર પાલિકા ને ક્રમશઃ ત્રીસ દિવસ, પંદર દિવસ, સાત દિવસ, ત્રણ દિવસ અને છેલ્લે ચોવીસ કલાકની નોટિસ ફટકારી વીજ બિલ ભરવા તાકીદ કરી હતી તેમ છતાં નગરપાલિકા એ બીલ ન ભરતા સ્ટ્રીટ લાઈટ ના વીજ કનેકશન કાપી નાખતા તલોદ ના રહીશો ને છેલ્લા સાત દિવસથી અંધારામાં રહેવાનો વારો આવ્યો છે. આ અંગે તલોદ ના અગ્રણી દિલીપ ચાંડકે જણાવ્યું હતું કે તલોદ ના નાગરિકો નિયમિત રીતે ટેકસ ભરે છે તેમ છતાં નગરપાલિકા ની અણઘડ વહીવટ અને અણ આવડત ના લીધે તલોદ ટી આર ચોકડી થી માતાજી ના ચોક સુધી અંધકાર છવાઈ ગયો છે એક બાજુ રેલવે ઓવરબ્રિજ ની કામગીરી ચાલુ છે બીજી તરફ અંધારા નાં લીધે અકસ્માત થવાનો તેમજ ચોરી લૂંટ ફટ થવાનો ભય વ્યક્ત કર્યો હતો અને તાકીદે સ્ટ્રીટ લાઇટ ચાલુ કરાવવા માટે માગણી કરી હતી .આ અંગે જી ઇ બી ના નાયબ ઇજનેર બામણીયા નો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે તલોદ નગર પાલિકા ના વીજ બિલ ની પિસ્તાલીસ લાખ પંચાવન હજાર રૂપિયા જેટલી માતબર રકમ બાકી નીકળતી હોઈ વારંવાર તાકીદ કરાઈ હોવા છતાં ન ભરતા ન છૂટકે વીજ પુરવઠો કાપવાની ફરજ પડી છે જોકે માનવતા ને ધ્યાને રાખી પાણી પુરવઠા ની વિતરણ માં કોઈ તકલીફ ન પડે તે માટે વોટર વર્કસ ના મીટર કાપેલ નથી. વીજ કનેકશન કાપી નાખવામાં આવ્યા છે આ સંદર્ભે તલોદ નગર પાલિકાના ચીફ ઓફિસર હિરેન સોલંકી નો સંપર્ક કરતા તેમણે જણાવ્યું હતું કે નગર પાલિકા ના વીજ બિલ અગાઉના બાકી છે અને આજરોજ નગર પાલિકા દ્વારા તલોદ યુજી વી સી એલની કચેરી ખાતે ચાર લાખ રૂપિયા નો ચેક જમા કરાવેલ છે બાકી નીકળતી રકમ ટુંક સમયમાં જ ભરપાઈ કરી દેવામાં આવશે.